સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ગરબો લઈ નેતાજી પધાર્યા ઉતારો આરતી!
કલાક માટે માતાજી પધાર્યા ઉતારો આરતી !
ચૂંટણી ચોકે ઘૂમે નેતાજી ધો મત નો પ્રસાદ -
માસ્ક પહેરી માતાજી પધાર્યા ઉતારો આરતી!
(નેતાજી માટે નવરાત્રીની મંજૂરી)

હાઈકુ

આરતી ભાવ!
નેતા પાસેથી લેજો -
પ્રચાર-ખર્ચ...
(કલાકના કરોડ)

ચૂંટણી રાગે,
લખાવજો આરતી -
થશે પ્રચાર...
(જયઊઁ-જયઊઁ મા જગ દંભે!!)

ચિંતન

ગુણી ગુણં વેત્તિ ન વેત્તિ નિર્ગુણઃ, બલી બલં વેત્તિ ન વેત્તિ નિર્બલઃ ।
પિકો વસન્તસ્ય ગુણં ન વાયસઃ, કરી ચ સિંહસ્ય બલં ન મૂષકઃ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત મંજુષામાંથી લેવામાં આવેલ છે.

ગુણવાન માણસ જ બીજાના ગુણ જાણી શખે, ગુણ વગરનો માણસ નહિ, બળવાન બીજાના બળને પારખી શકે, નિર્બળ નહિ, કોયલ વસંત ઋતુના ગુણ જાણે, કાગડો નહીં, હાથી સિંહના બળને સમજે, ઉંદર નહિ.

ગુણવાન અને સદ્‌ગુણી લોકો જ બીજાના ગુણ, બીજાનું બળ અને શક્તિ - સંસ્કાર આવડતને પારખી તેની કદર પણ કરી શકે. આજે સૌ એકમેકની પ્રસંસા કરીને જે 'મહાન' થતા હોય છે.

સુવિચાર

- કોઈને છંછેડીને કયારેય મોક્ષ ના જવાય,
  કોઈ આપણને છંછેડે તો શાંતિ રાખવી, છંછેડાયાનો બદલો લેવા જઈએ તો મોક્ષ ન મળે - **આપ્તસૂત્ર**
- જે પાસા પકડતાં ડરે છે એ કયારેય રમત જીતતો નથી - **તિબેટની કહેવત**
- જે કશું છોડવા તૈયાર નથી તે કશું પામતો નથી - **સંત કબીર**
- જયાં આત્મા ભૂલાય, તે સ્થળ આપણું નહીં - **બી કે શિવાની**
- જે હર્ષ પામે, તેને શોક પામવાનો વખત આવે - **એસ. ભટ્ટાચાર્ય**
- પોતાની ભૂલે દેખે એ પરમાત્મા થઈ શકે!! - **દાદા ભગવાન**
- આજનું ઔષધ : ગૌમૂત્ર દસ મિલિમાં અડધી ચમચી હળદર મેળવી સવાર-સાંજ ખાવાથી શરીરમાં આવતી ખંજવાળ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક યુવાન વિધવા ભોળી સ્ત્રીને એક લપંટ પુરુષે ફસાવી. સ્ત્રી ગર્ભવતી થઈ. લપંટ પુરુષે તે વિધવાને અસ્વીકાર કર્યો. મા-બાપે તેને ધિક્કારી તો તેને બદનામીથી બચવા આપઘાત કરવા કૂવા પર પહોંચી. કૂવામાં પડવા જાય તે પહેલા એક વડીલે તેને પાછળથી પકડી લીધી ને કહ્યું, 'દીકરી, આપઘાત કરવો એ સૌથી મોટું પાપ છે.' વીધવાએ પોતાની આપવીતી કહીં,વડીલે કહ્યું, તમે મારા ઘરે ચાલો, હું તમને મારી દીકરી ગણીશ. તારી પ્રસૂતિ કરાવીશ. મારા ઘરેથી તને જોકારો નહીં મળે.' એ સગર્ભા વિધવાને પોતાને ઘરે લાવ્યા. પૂરા નવ મહિને તેની પ્રસૂતિ પણ કરાવી. આ વડીલ હતા ઝંડુ ભટ્ટ.

જામસાહેબને ઘટનાની જાણ થઈ ત્યારે એમણે ઝંટુ વૈદ્યને બોલાવીને કહ્યું, 'તમારે આવા લફરામાં ન પડવું જોઈએ.' ઝંડુ ભટ્ટે કહ્યું, 'મહારાજ, ધન્વંતરીનો ધર્મ છે રોગીને રોગમાથી બચાવવાનો,તેનું જીવન ઉગારવાનો!! જીવને બચાવવાનું હું ચૂકી ગયો હોત તો હું મારો ધર્મ ચૂકી ગયો હોત મેં મારી વૈદ્ય તરીકેની ફરજ નિભાવીને એક નહિ બે જીવ બચાવ્યા છે. એક તે વિધવાનો અને બીજા એના ગર્ભનો.'

જામસાહેબ પ્રસન્ન થયા. 'મારા રાજયમાં આયુર્વેદને પ્રતિષ્ઠા અપાવનાર સાચા ધન્વંતરિ તમે છો.'

જાન હૈ તો જહાન ભી હૈ ઔર ભગવાન ભી હૈ!

તંત્રીસ્થાનેથી...

સામાન્ય છાપ એવી છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમના મંત્રીમંડળના સભ્યોને નિવેદનો કરવાની છૂટ આપતા નથી. અનિવાર્ય લાગે ત્યારે રાજનાથસિંહ કે અમિત શાહ જેવા સિનિયર મંત્રીઓ એમના વિભાગને લગતાં નિવેદનો કરતા રહ્યા છે અને એ પણ વડાપ્રધાનની સ્ક્રિપ્ટ મુજબ. કોરોના સંક્રમણને મારી હટાવા માટેના મોદીના હાકલા પડકારાને સાનુકૂલ પ્રતિસાદ નહીં મળતાં હવે એ મુદ્દે મોદી મોટેભાગે મૌન રહેવાનું પસંદ કરે છે. ગમે કે ન ગમે પણ બહુ લાંબા લોકડાઉન પિરિયડ પછી અનલોક કાર્યક્રમ તબક્કાવાર શરૂ કરવો પડ્યો હતો જેથી કોરોના સંક્રમણ હદ બહાર વધી જવા પામ્યું છે. કોરોનાના કેસ અધિકૃત સરકારી આંકડા મુજબ ૭૦ લાખથી વધારે નોંધાઈ ચૂક્યા છે જોકે સામે ૬૦ લાખથી વધુ દરદી સાજા પણ થયા છે. આશ્વાસન હોય તો એટલું જ કે ૨૧ સપ્ટેમ્બર પછી દરરોજ નોંધાતા કેસની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. અમેરિકામની લગોલગ પહોંચવાની તૈયારીમાં જ હતા ત્યાં આ મુજબ એક્ટવ કેસ અને મૃત્યુ આંક ઘટતાં જરૂર થોડી હૈયાધારણ રહે કે આજે નહીં તો કાલે, ભારતની કોરોના સામેની લાંબી લડત પરિણામદાયક બની રહેશે. દેશના આરોગ્યમંત્રી ડૉ. હર્ષવર્ધન પોતે જ તબીબ હોવાને લીધે આ મુદ્દે વિશેષ જાગ્રત છે. એમને કોરોના સામેની નિર્ણાયક લડતમાં આગામી તહેવારો વિક્ષેપરુપ ન બની રહે એ અંગે જાહેર જનતાને ચેતવણી આપતું નિવેદન કર્યું છે. માંડ નિયંત્રણમાં આવી રહેલી આ ઘાતક વૈશ્વિક મહામારી સામે અન્ય દેશોની જેમ ભારતમાં પણ રસીના ટ્રાયલ ચાલુ છે. પરંતુ રસી ઉપલબ્ધ થશે તો પણ આટલી મોટી જનસંખ્યાને એકીસાથે તો એનો લાભ મળી શકવાનો નથી જ. વળી દુર્ગાપૂજા, નવરાત્રી, દશેરા અને દિવાળીના તહેવારો દરમિયાન દેશની આસ્થાવાન અને ઉત્સવપ્રિય પ્રજાને 'કોરોના ગાઈડલાઈન' મુજબ વર્તવા સંમત કરવી એ સહેલું નથી. પાવાગઢના મહાકાળીનાં દર્શન ખૂલતાંની સાથે હજારોની સંખ્યામાં દર્શાનાર્થીઓ ઉમટી પડ્ય હોવાના અહેવાલો ચિંતાજનક છે. આવાં શ્રદ્ધા સ્થાનકો દેશના દરેક રાજયમાં પથરાયેલા છે. અને લોકડાઉન દરમિયાન ઘરમાં ગોંધાઈ રહેલા શ્રદ્ધાળુઓ કોરોનાની ઐસીતૈસી કરીને ભારે સંખ્યામાં ઊમટી પડવાની સંભાવના નકારી શકાતી નથી. કેરળમાં ઓણમ ઉત્સવ ટાણે ઊમટેલાં ટોળાએ કોરોના સંક્રમણમાં તેજી આણી હતી. ગણપતિ ઉત્સવ દરમિયાન પણ કોરોનાના કેસો વધી ગયા હતા. જો આ જ ક્રમ નરાત્રી, દુર્ગાપૂજા, દશેરા કે દીપોત્સવી પર્વો દરમિયાન ચાલુ રહેશે તો સંક્રમણ કાબૂ બહાર જઈ શકે છે એવી આરોગ્યમંત્રીની ચીમકી સમયસરની છે. એમને મુદ્દાની વાત કરી છે : અત્યારે તો કોરોના સામેની લડાઈ એ જ આપણો ધર્મ. વળી કોઈ ધર્મ કે ભગવાન જીવના જોખમે ટોળે વળવાનો કે પોતાના મંદિર, મસ્જિદ કે અન્ય પૂજાસ્થળે ઊમટી પડવાનો આગ્રહ ન જ રાખે. ઈશ્વર કે માતાજી કે અન્ય પૂજા - અર્ચના ઘેર બેઠાં પણ થઈ શકે. કબીજીએ કહ્યું છે એમ ઈશ્વર કે અલ્લાહ મંદિર કે મસ્જિદમાં ન હોય. એ તો આપણા હૃદયમાં જ બિરાજે છે. ત્યારે આખી દુનિયા સામે વિકરાળ મોત ઝળૂંબી રહ્યું હોય તેવા કપરા સમયે સામે ચાલીને કોરોનાને આમંત્રણ આપવામાં કયો ધર્મ છે? કયું શાણપણ છે? ડૉ. હર્ષવર્ધનની આ સલાહ કેન્દ્રીય આરોગ્યમંત્રી ઉપરાંત એક નિષ્ણાત ડૉકટર તરીકેની પણ છે. આશા રાખીએ કે દેશની પ્રજા એ સલાહને એક કાને સાંભળી બીજા કાને કાઢી નહીં નાખે. આખરે તો જાન હૈ તો જહાન ભી હૈ ઔર ભગવાન ભી હૈ...

અંતરની શુદ્ધ ભાવના દ્વારા જ પરમતત્ત્વ સુધી પહોંચી શકાય

જીવન દર્શન
તત્વચિંતક વી પટેલ

આપણાં જીવનમાં શુધ્ધ ભાવના એટલે શુધ્ધ હૃદય, જેમાં રાગ દ્વેષ, દંભ, આસકતી અને અહંકાર વગેરે નિર્મૂલન થયેલ હોય, તેવું શુધ્ધ હૃદય હોવું, આવા હૃદય સાથે જ્યારે આત્મસ્થ અને હૃદયસ્થ થઈને જીવનમાં કોઈપણ શુધ્ધ અને આત્મીય વિચારને સમગ્ર રીતે સતત ચિંતન કરવું, મનન કરવું ,અને એ શુધ્ધ સાત્વિક અને પવિત્ર વિચારને શુધ્ધ હૃદયમાં સ્થિર કરી દેવો તેને જ શુધ્ધ ભાવના કહે છે,આવી શુધ્ધ ભાવના જ પરમતત્વમાં સ્થિર કરે છે, એનું નામ જ જીવનની સિધ્ધી છે,

આવી શુધ્ધ, સાત્વિક અને પવિત્ર ભાવના ઓનો હૃદયમાં નિરંતર સંગ્રહ કરવાથી અને આવી અંતરની આ ભાવનાઓ અનુસાર જીવન જીવવાથી એટલે કે તેનું આચરણ કરવાથી અને સાથે સાથે ચિત્તમાં સહજતા, સરળતા, સમતા અને સત્યતા ને ધારણ કરીને તેનુ પ્રસ્થાપન કરીને ,શુધ્ધ અને આત્મિક સત્ય સ્વરૂપ આચરણ કરવું એજ સત્ય ધર્મનું અનુસરણ છે,

આવું શુધ્ધ આચરણ નથી ત્યાં ધર્મ નથી, આવા પવિત્ર અને શુધ્ધ જીવનમાં આત્મિક સત્યના આધારે આચરણ કરવાથી જ સ્વયં પરમાત્મા સ્વરૂપ બની જવાય છે, અને પરમનું જ્ઞાન અને પરમ શાંતિ આત્મામાંથી ઉપલબ્ધ થાય છે.

આથી આત્મ સાધનાને વેગ અને બળ મળે છે, આ માટે માણસે પોતાની જ એક વિચાર સંહિતા પોતાની રીતે ઘડી કાઢવી જોઈએ, જેમાં મૈત્રી ,કરુણા મૂદીતા, ઉપેક્ષા, સત્ય, પ્રેમ, અને શીલ વગેરે અંતરના ભાવને સ્થાન હોય, અને ચિત્તમાં તેનું પ્રસ્થાપન થયેલું હોય, અને તેનું નિરંતર ચિંતન મનન કરતાં જ રહેવું જોઈએ, એજ આ જીવનમાં સ્થિત પ્રજ્ઞ અને પ્રજ્ઞા પ્રાપ્ત કરવાનો માર્ગ છે, અને એનું નામ જ આત્મિક શુધ્ધ ભકતી છે, અને જીવનમાં આંતર શુધ્ધિ અને સ્થિરતા એજ પ્રજ્ઞા છે, અને પ્રજ્ઞામાં સ્થિરતા એજ પરમ આનંદની અને પરમ શાંતિની અવસ્થા છે, અને તમામ દુઃખથી મૂકતી છે,

આપણે આપણાં જીવન પર દ્રષ્ટિ નાખીએ છીએ ત્યારે સ્પષ્ટ સમજાય છે કે અલ્પ એટલે પરિમિત વસ્તુ માંથી આપણને સાચું સુખ ,શાંતિ આનંદ મળી શક્યતા જ નથી અને જગતના સુખોપભોગ અનિત્ય છે, અને જરા તથા મરણ તેમાં ભંગ પડાવે છે, કારણ આપણે ભય અને ભ્રમમાં જ સ્થિર હોઈએ છીએ તે આપણાં જીવનની મુશ્કેલી છે.

જીવનમાં મૃત્યુનો ભય સૌથી વધારે છે, જ્યારે આપણું મૃત્યુ છે જ નહીં તેતો આપણૂ પરિવર્તન હોય છે, અને આ પરિવર્તનને સહર્ષ સ્વીકારવું જ જોઈએ,આમ આપણે કદી પણ વિશાળતામાં સ્થિર હોતા જ નથી, જ્યારે વિશાળતા જ જીવનમાં આનંદ પ્રદાન કરે છે, સંકુચિતતા અને સ્વાર્થ તો દુખ દાયક જ હોય છે.

આપણે એટલું અંતરમાં ઉતરીને એટલું જાણી જ લેવું જોઈએ કે આપણે આત્મ સ્વરૂપ છીએ દેહ રૂપ નથી , દેહમાં કોઈ ચેતના જ નથી, તે પર જીવી ચીજ છે, તે આત્માની ચેતના ઉપર તે જીવે છે, આમ જે કાઇ ચેતના છે, તે આત્માની છે, અને આપણાં આત્માનું મૃત્યુ છે, જ નહીં, છતાં ભય ભીત છીએ કારણ કે આપણે આત્મા સ્વરૂપ છીએ તે આપણે જાણતા જ નથી, અને આત્મા સ્વરૂપતા પ્રાપ્ત કરતાં નથી, આત્મામાં સ્થિર થતાં નથી,

આજ જીવનની સિધ્ધી છે, જે શુધ્ધતા દ્વારા જ ઉપલબ્ધ થાય છે, આનું નામ ભૂમામાં સ્થિર થવું છે, આ ભૂમા એટલે વિશાળતા સ્વાર્થ રહિતતા અને અનાસક્ત ભાવની સ્થીતિ છે, એટલે કે જીવનમાં અપરિમિત તત્વ જ શાશ્વત સુખ શાંતિ અને આનંદ આપી શકે છે, સત્ય ધર્મ દ્વારા જ આપણે શાશ્વત જીવનને માટે જ નિરંતર પોકાર કરતાં હોઈએ છીએ તેજ પરમાત્માની પોકાર હોય છે, તેજ આપણે છીએ, આ બધુ જોઈને આપણને સ્પષ્ટ પ્રતિતી થાય છે, કે આ વિશ્વમાં કોઈ કાળા તીત સત્ય કોઈ ચેતન તત્વ જરુંર છે,જે આ સૃષ્ટિ ચલાવે છે, તેને નામ ગમે તે આપો પણ કોઈ શક્તિ છે, એટલું તો સ્વીકારવું જ પડે છે.

આ શક્તિ ને જાણવા આપણાં આત્મામાં જ સ્થિર થવું પડે છે, ત્યાંથી જ તેનો તાગ મળે છે કારણકે તે સત્ય સ્વરૂપ છે, આપણી ઈચ્છાઓની તૃપ્તિ અને ઉપાસનાનું અંતિમ ધ્યેય છે , આ કેન્દ્ર વર્તી સત્ય તે સત ચિત્ત અને આનંદ રૂપ છે, આથી જ માનવ હૃદય ને શુધ્ધ સાત્વિક અને પવિત્ર કરવાથી જ તે માણસને અસતમાંથી સતમા લઈ જાય છે. ઘોર અંધારામાંથી પ્રકાશમાં લઈ જાય છે, અને મૃત્યુમાંથી અમૃતમય લઈ જ જાય છે, તે છે અંતરની શુધ્ધ સાત્વિક અને પવિત્ર ભાવનાનું જીવનમાં આચરણ આચરણ એજ શુધ્ધ સત્ય ધર્મ છે, માટે ભાવનાને શુધ્ધ રાખો એજ જીવન છે.

દીકરીઓમાં રહેલી સમજણના - ઉદારતાના દીવડા પ્રગટ્યા ને માનવીય સંવેદનાના અજવાળા રેલાયા

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'અરે, એક વર્ષ ગ્રાઉન્ડમાં ગરબા ન રમ્યા તો શું થયું ? આવતા વર્ષે બમણા જોરથી રમીશું.' ચાહત બોલી.

'મારા ડેડી Top FM રેડિયોમાં RJ છે, તેમના રેડિયો દ્વારા Tech-Taali 2020નું આયોજન કરાયું છે. ઘરમાં ઘરબા રમશું, વીડિયો મોકલશું ને મળે તો ઈનામોથી મૌજ લઈ લઈશું.... સ્તુતિએ કહ્યું.'

'મને તો થાય છે કે ગાયત્રી મંત્રનું અનુષ્ઠાન કરવાનો અવસર મળ્યો છે આપણને...' રુદ્રીએ કહ્યું.

વાત એમ કે, આ વર્ષે ૨૦૨૦માં કોરોના વાઈરસના સંક્રમણને રોકવા ગુજરાત સરકારે નવરાત્રીમાં પાર્ટી પ્લોટના કે શેરી ગરબા, એમ બધા પર પ્રતિબંધ ફરમાવ્યો એની ચર્ચા સખીઓ-યુવતીઓ કરતી હતી. માત્ર માતાજીની મૂર્તિ કે ગરબીની સ્થાપના કરીને આરતી કરી શકાશે. એ પણ તમામ નિયમોનું પાલન કરીને.

આ બધી વાતો સાંભળી રહેલી મોટી બહેન સોનુએ એક વાત કહી, 'હવે આપણે સૌ સોના ઘરમાં જ નવરાત્રી ઉજવવાની છે તો સરવાળે કેટલા બધા પૈસાની પણ બચત થશે નહીં?'

'તું બેન્કમાં કામ કરે એટલે પૈસા ગણે એ બરાબર છે, પરંતુ મને વિચાર આવે છે કે આ પૈસાનું, બચનારા પૈસાનું પણ આપણે કાંઈક પ્લાનિંગ કરીએ?' ચાહતે કહ્યું...

બીજી મોટીબહેન ધ્વનિએ ટાપશી પુરાવતા ઉમેર્યું, 'જુઓ આપણે બધા સાથે મળીને... એક જોરદાર પ્લાન કરીએ...' આમ કહીને જે પ્લાન નક્કી થયો એ શું હતો ?

નવરાત્રી દર વર્ષે આવે એના બે મહિના પહેલાથી સામાન્ય રીતે ગુજરાતમાં અને જયાં જયાં ગુજરાતી વસતા હોય ત્યાં ત્યાં એના ધમાકેદાર આયોજનની તૈયારીઓનો આરંભ થઈ જાય... નવરાત્રી નિમિત્તે આ વર્ષના લેટેસ્ટ ગરબા અને તેની બીટ્સને અનુરુપ નવા સ્ટેપ્સ નવા નવા થીમ આધારિત ગરબાની પ્રેક્ટીસ એને અનુરુપ પરંપરાગત અને આધુનિક વસ્ત્રો અને આભૂષણોની પસંદગી, વિવિધ સ્થળોએ ગરબે રમવા જવાની ટીકીટ કે પાસનું ગણિત, પાસ મેળવવા માટેની વિવિધ કોમ્પીટીશનોમાં વિજેતા થવાનો ક્રેઝ ને ગરબા રમવાના - નાસ્તો કરવાનો ને મૌજથી - જબસાથી નવરાત્રી ઉજવવાની...

પરંતુ ૨૦૨૦ની નવરાત્રી કાંઈક જુદી છે, જાતને કોવિડ-૧૯ના સંક્રમણથી બચાવવાની છે, પરિણામે ગરબાના આપોજનો જ નથી, માત્ર ઘરમાં જ ગરબા રમવાના છે, અને ગુજરાતીઓ એને પણ ભરપૂર રીતે એન્જોય કરશે જ... ઘરમાં પણ એ ચક્કરડી - ભમ્મરડી ફરશે જ... આવા વાતાવરણમાં કેટલાક ખેલૈયા નિરાશ થયા છે. તો કેટલાક ખેલૈયા, જેમની વચ્ચેનો સંવાદ લેખના આરંભે લખ્યો છે તેઓ જે છે, તે પરિસ્થિતિને સ્વીકારીને તેમાંથી કાંઈક પોઝીટીવ ઉર્જા પ્રાપ્ત કરી રહ્યા છે.

ધ્વનિએ અને એના કઝીન્સના ગ્રૂપે પ્લાન બનાવ્યો એમાં એમણે પૈસાનું પ્લાનીંગ એવી રીતે કર્યું કે, એક વ્યક્તિના રોજના આટલા રૂપિયા સામાન્ય સંજોગોમાં ખર્ચ થાત, નવ દિવસના આખાયે ગ્રુપના આટલા થાય... તો સરવાળે નવરાત્રી નિમિત્તે આ દીકરીઓના ગ્રુપની સારી એવી રકમ બચતરુપે એકઠી થાય...

એમણે ફો કર્યા ઝલકને વિશ્વાને, રાજવીને, શૈવીને, શ્રદ્ધાને, અને છોકરાઓને પણ આ વાતમાં - શુભ વિચારમાં જોડ્યા, પિયુષ, દેબાશીષ - અદિતી, કવિશ, વૈભવ - સંયમ - આર્યમાન -શીવા, ધ્રુવ વગેરેને... બધાએ મળીને નક્કી કર્યું કે તેઓ વ્યક્તિગત રુપે કોઈ એક અમાઉન્ટ સોનુની પાસે વર્ચ્યુઅલી જમા કરાવશે... અને પછી શું કરવાનું એ રકમનું ?

એ રકમનો ઉપયોગ એમણે જ નક્કી કર્યા મુજબના - તેમના ઘરોની આસપાસના ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોના બાળકો માટે દિવાળીના પર્વ નિમિત્તે વસ્ત્રો - મીઠાઈ - ભોજન - ભણવા માટે જરૂરી સ્ટેશનરી - પગરખા - નાસ્તો અને માસ્ક તથા સેનેટાઈઝર લાવી આપવા... એમને સામેથી જઈને સોશિયલ ડિસ્ટન્સ અને તેમનું સામાજિક સન્માન સાચવીને આ બધું એક કીટરુપે આપવું...

ઘરના વડીલોએ એટલે કે અમારા મિત્રોએ આ વાત જાણી ત્યારે અમે વધુ રાજી થયા... એમની બચત બેંકમાં અમે પણ થોડી રકમ ઉમેરી આપવાનું કહ્યું. દીકરીઓ રાજી રાજી થઈ ગઈ... નવરાત્રીમા ગરબા નહિ રમાયય એ વાતનો અફસોસ કરવાના બદલે નવરાત્રીના દીવડાનો ઉજાસ, કોઈ જરૂરિયાતમંદોના જીવનમાં પણ પથરાશે અને એમાં પોતાની આપકમાઈ અથવા પોતાની બચત કામ આવશે એ વાતનો એમને આનંદ હતો.

નવરાત્રી જેવો ઉત્સવ, જેમાં મૂળરુપે સ્ત્રીઓ, દીકરીઓ સૌથી વધુ જોડાયેલી હોય, એ નવરાત્રીમાં આ વર્ષે ગરબા નથી રમવાના તો કાંઈ નહીં, 'જેવી માતાજીની ઈચ્છા' એવું માનીને માતાજીએ જ જાણે એમને પ્રેરણા આપી હોય તેમ આ નવરાત્રીમાં થનાર ખર્ચની સંભવિત રકમને યોગ્ય અને સાચા માર્ગે ઉપયોગ કરીને, લક્ષ્મીને મહાલક્ષ્મીરુપે પ્રવાહિત કરનાર આ દીકરીઓ ભલે ઉંમરમાં નાની છે, પરંતુ એમનામાં સાચ્ચે જ શક્તિ સ્વરુપા એવી આદ્યશક્તિનો અંશ ધબકે છે, મા નું મમતામયી, કરુણામતી, પ્રેમમયી સ્વરુપ જાણે વિલસે છે એવી પ્રતીતિ આ દીકરીઓએ કરાવી ત્યારે સાચ્ચે જ દીકરીઓમાં રહેલી સમજણના - ઉદારતાના દીવડા પ્રગટ્યા ને માનવીય સંવેદનાના અજવાળા રેલાયા.

નાની નાની ખુશીઓ જીવનનો મજબુત સહારો બની જાય છે

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

નાનકડા ગામડા ગામની એક હોસ્પિટલનો એક સવારનો સીન છે. દસ પંદર કિલોમીટર દૂર એક શહેરમાંથી ડૉક્ટર રોજ સારે વહેલા આ હૉસ્પિટલ પહોંચીને સાંજ સુધી દર્દીઓની સેવામાં રત રહે. બે પેરા મેડિકલ સ્ટાફને પોતાની સાથે કારમાં લઈ જાય. સવારે સાડા દસનો સુમાર હશે. ૭૦ની આસપાસ પહોંચેલા એક માજી ડૉક્ટર સાહેબના કન્સલ્ટીંગ રૂમમાં એમની દીકરીને લઈને આવ્યા. ડૉક્ટરે માજીને એમની બાજુમાં રાખેલા સ્ટૂલ ઊપર બેસાડી પ્રેમથી પૂછ્યું, 'માડી, હવે કેમ લાગે છે ?ત્ન માડી હસતા હસતા બોલ્યા 'સાહેબ, બઉ હારુ લાગે છે. તમે તો દરદ હાબદુ ગુમ કરી દીધું.' ડૉક્ટરે પ્રેમથી માડીનો હાથ પકડી કહ્યું, 'માડી આશીર્વાદ આપો કે, તમારા જેવા બધાની સેવા કરવાની ઈશ્વર મને શક્તિ આપે. 'માડી હેતાળ હાથ ડૉક્ટરના માથે ફેરવી બોલ્યા, 'સાહેબ, તમે તો અમારા ભગવાન સો. ઉપરવાળો તો જોયો નથ પણ તમો જ અમારા ઉપરવાળા સો.'

આ માજી એકાદ અઠવાડિયા પહેલા ગાયનેક પ્રોબ્લેમના ઓપરેશન માટે આ તબીબ પાસે આવ્યા હતા અને આજે એમની ફોલો અપ વિઝીટ હતી. માજી સાથે આવેલી એમની દીકરી આ ડૉક્ટરને મોટા બાપા સમજતી. આ તબીબને અહીં આવતા પ્રત્યેક પેશન્ટ ડૉક્ટર કરતા પોતાના પરિવારનો સદસ્ય વધારે સમજે છે. ડોક્ટરને એનો વિષેશ આનંદ છે. વયસ્કો સાથે એમના સંતાનની જેમ, ભુલકાઓ સાથે સ્નેહાળ વડીલની જેમ અને હમઉમ્ર સાથે ભ્રાતૃભાવપૂર્વકના આ તબીબના વર્તાવ પાછળનું મૂળ તત્ત્વ એમનો નિજાનંદ છે.

સુંદર મઝાના પ્રાકૃતિક વાતાવરણમાં આવેલી આ હૉસ્પિટલનો આઠ દસ જણનો સ્ટાફ પણ આસપાસના ગામના લોકોનો જ છે. સ્ટાફમાં સેવા આપતા આ લોકો ભણ્યા નથી પણ ડૉક્ટરે છેલ્લા દસ બાર

વર્ષોથી એમને સરસ તાલીમ આપી તૈયાર કર્યા છે. ઓપરેશનમાં તેમને આસીસ્ટન્ટ કરતા ત્રીસ પાંત્રીસ વર્ષના ભાઈ માંડ પાંચ ધોરણ પાસ છે. પણ ડૉક્ટર જે સાધન કે દવાનું નામ અંગ્રેજીમાં બોલે એ એક સેકંડમાં બિનચૂક લાવી દે છે. આ હોસ્પિટલમાં ઓપરેશન થિયેટરમાં દર્દીઓની શસ્ત્રક્રિયા વખતે ઝીણા સ્વરમાં મધુર ભજનો ચાલતા હોય છે. અહીંનું ઓપરેશન થિયેટર દવાખાના કરતા મંદિર જેવું વધુ લાગે છે.

મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરે દૂર દૂરથી લોકો આ હૉસ્પિટલમાં આવે છે. એક ટ્રસ્ટ સંચાલિત આ હોસ્પિટલમાં જનરલ સર્જરી, ગાયનેક સર્જરી, યુરો સર્જરી જેવી શસ્ત્ર ક્રિયાઓ અત્યંત કિફાયતી ફીથી કરવામાં આવે છે. મોટા મોટા શહેરોમાં બે અઢી લાખના ખર્ચે થતી શસ્ત્રક્રિયાઓ આ હોસ્પિટલમાં તબીબો માત્ર વીસ પચીસ હજારમાં કરી આપે છે. અને પ્રેમ અને હૂંફ લટકામાં. મહુડી જતા વરસોડા ગામ પાસે કુદરતના સાનિધ્યમાં વૃંદાવનધામ વિકાસ ટ્રસ્ટ સંચાલિત આ હોસ્પિટલનું નામ પણ હૃદયમાં વસી જાય એવું છે. હૃદયકુંજ આરોગ્ય શિક્ષણ સંકુલ.

આ આખી વાતનો મુળ ઉદ્દેશ છે નિજાનંદની વાતને ઉઘાડ આપવાનો. વ્યક્તિની પ્રસંન્નતા બહારની ભૌતિક પરિસ્થિતિઓ નિર્ભર હોતી નથી. આનંદ તો માનસિક ચેતનાઓ ઉપરથી સ્ફૂરતો હોય છે. એક તબીબ અને એના પરિવારના બે તબીબ સદસ્યો અને ચાર પાંચ તબીબ મિત્રો સાથે મળી કેટલો મઝાનો

નિજાનંદ કરી શકે છે એ અહીં જોવા મળે છે. વ્યક્તિની પાસે શું કામ છે, એ કોણ છે, ક્યાં છે અને કેવું સ્ટેટસ છે, એનાથી એ ખુશ કે નાખુશ નથી હોતો. પરંતુ વ્યક્તિ શેના વિશે શું વિચારે છે એના ઉપર એનો આનંદ અને દુઃખ અવલંબિત હોય છે.

શું કામ કરીએ છીએ, એ કામ કેવું છે, એને કેવી રીતે સમજીએ છીએ, જોઈએ છીએ અને કહીએ છીએ એ પાંચ બાબતો ઉપર આપણું મૂલ્યાંકન રહેતું હોય છે. જ્યારે નસીબમાં લીંબુ મળે તો તેને જોઈને દુઃખી થવા કરતાં એને નીચોવીને શરબત બનાવીને પીવાનો આનંદ કરવામાં સાચી સમજદારી છે.

જીવનમાં ઉદાસ થવાના અનેક પ્રસંગો બનતા હોય છે પણ અંદરથી કોઈ અર્થ એટલે કે સ્વ-અર્થ વગરની મોજ શોધી ખુશ રહેવાથી નિઃસંદેહપણે આનંદના નવા દ્વારા ખુલતા હોય છે. જે વ્યક્તિ પોતાની શરતો ઉપર જીવતો હોય એનાથી ખુશી માઈલો દૂર જતી રહેતી હોય છે. પરંતુ જે બીજાની ખુશીમાં પોતાની શરતો બદલીને જીવી શકે છે એને આનંદના ફુવારામાં ભીંજાવાની સહજ મોજ મળતી હોય છે. જિંદગીમાં નાની નાની ખુશીઓ જીવવાનો સહારો બની જતી હોય છે. અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પાછળ ભાગવાનો અર્થ નથી. અપેક્ષાઓ પ્રતિપળ બદલાયા કરતી હોય છે. નિજાનંદ તો અનુભૂતીની ભાષા છે. શબ્દો અને કથનમાં એની અભિવ્યક્તિ ન જ થઈ શકે. 'નિજલ્ન એટલે પોતે અને 'આનંદલ્ન એટલે ખુશી. પોતાની અંદર રહેલો સહજ આનંદ અનુભવાય એટલે સાચો નિજાનંદ. એને પછી 'સહજાનંદ' કહો કે 'પરમાનંદ' કહો એ એક જ વાત છે.

ધબકાર :

'તમે ઉંમર લાયક થઈ જાવ પણ હસવાનું નથી છૂટતું, પરંતુ જ્યારે હસવાનુ છોડી દેવાય ત્યારે ચોક્કસ વૃધ્ધ બની જવાય છે.'

— જ્યોર્જ બર્નાડ શૉ